અપીલ અરજી નં.૧૪૬/ ૦૮–૦૯ તા. ૩૦–૮–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨૫–૭–૦૮ ની અરજીથી વડાચૌટા ભાઈશાજીની પોળમાં આવેલ ૧૧/૬૦૬/૬૦૮ તેમજ ૧૦/૧ ૪/૭૦ ની બાજુમાં ચાલતા બાંધકામમાં કયા સર્વે નંબર ઉપર ગેરાયદેસર બાંધકામ થયુ છે તેમજ ૧૧/૧૪/૭૦ ની બાજુમાંનો સર્વે નંબર આપવા મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૦–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૬/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨૫–૭–૦૮ ની અરજીથી વડાચૌટા ભાઈશાજીની પોળમાં આવેલ ૧૧ /૬૦૬/૬૦૮ તેમજ ૧૦/૧ ૪/૭૦ ની બાજુમાં ચાલતા બાંધકામમાં કયા સર્વે નંબર ઉપર ગેરાયદેસર બાંધકામ થયુ છે તેમજ ૧૧/૧૪/૭૦ ની બાજુમાંનો સર્વે નંબર આપવા મુદ્દા નં.૧ થી ૬ બાબતે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આ.૫૯૨ તા.૨૨–૮–૦૮ થી આપેલ જવાબો સંતોષકારક ન હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૭ તા.૮–૯–૦૮ ના રોજ આસી .કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/ આ.નં.૭૨૧ તા.૧૯–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજદારને કરેલ અરજીથી માંગ્યા પૈકીની આંશિક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કેટલાક મુદ્દાની સ્પષ્ટતા માંગેલ છે અને ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા રજૂઆત કરેલ છે. તેમજ બીલ્ટઅપ એરીયાની માંગણી કરેલ છે. અરજદારની મુળ અરજી ધ્વારા સર્વે નંબર તથા બીલ્ટ અપ એરીયાની માહિતી માંગેલ જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પૂરી પડાયેલ જણાતી નથી કે તેના ઈન્કાર અંગે કોઈ અપવાદ જણાયેલ નથી. તેમજ અન્ય જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી હોવાનો કોઈ ઉલ્લેખ કરેલ જણાતો નથી તે સિવાયની માહિતી અપાયેલ જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૭–૦૮ની અરજીથી માંગ્યા પૈકીની નહીં પૂરી પડાયેલ સર્વે નંબર તથા બીલ્ટઅપ એરીયાની માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા આસી. કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ,